જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૦/૧૨/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૨૪૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૯/૧૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૯	૩	૧૧૭૩૨	૧૭૮૩૯	૩	૧૭૮૪૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૪	૦	૧૨૪	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૪૬૦૭	૩૫	૭૪૬૪૨	૭૫૭૧૭	૩૧	૭૫૭૪૮
કુલ		૯૧૧૯૩	૩૮	૯૧૨૩૧	૧૦૦૨૩૫	૩૪	૧૦૦૨૬૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૦	૪,૫૦,૧૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૨૯	૫,૨૯,૦૦૦/-

મોબાઇલ સ્નેચિંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી મોબાઇલ સ્નેચિંગ કરનાર આરોપીને ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી પાડતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ એ.આર.અસારી તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તેમજ પ્રોહી-જુગારની પ્રવૃતી સંદતર નિસ્ત નાબુદ કરવા સારૂ અવાર-નવાર ડ્રાઇવનુ આયોજન થઇ રહેલ હોય જેથી આવા આરોપીઓની તપાસના કામે પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી વાહનોમાં ક.૧૬/૦૦ થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૬/૪૦ વાગે ઠક્કરનગર ચાર રસ્તા ખાતેથી પસાર થતા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ નાઓને સંયુકત રીતે ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક ઇસમ કે જેણે શરીરે કાળા-બ્લ્યુ કલરનો સર્ટ તથા ઉપર કાળુ જેકેટ તેમજ નીચે કાળા કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે તે ઇસમ ચાલતો-ચાલતો ખોડીયારનગર ચાર રસ્તા બાજુથી આવી ઠક્કરનગર ચાર રસ્તા થઇ ક્યાંય જનાર છે અને તેની પાસે ચોરી કરેલ અથવા છળકપટની મેળવેલ મોબાઇલ છે " વિગેરે બાતમી આધારે સદરી જગ્યાએ સ્ટાફ તથા પંચોના માણસો સાથે વોચ તપાસ કરી સદરી જગ્યાએથી ઉપરોકત બાતમી હકિકત વાળા ઇસમ ને ચાલતા પસાર થતા પકડી પાડી તેની અંગજડતી દરમ્યાન એક મોબાઇલ ફોન મળી આવેલ જે બાબતે પૂછપરછ કરતા પોતે ગઇકાલ તા.૦૮/૧૨/૨૦૨૧ ના રોજ સાંજના સાડા સાતેક વાગ્યાની આસ-પાસ હિરાવાડી વસંતનગરના છાપરા આગળ આવેલ અને પોતાની પાસે કોઇ કામ ધંધો ન હોય અને પોતાના મકાનનું ભાડુ પણ બાકી હોય જેથી પોતે મજુરીની શોધમાં હતો અને કોઇ કામ મળતુ ન હતુ અને વસંતનગરના છાપરા આગળ ઉભો હતો તે દરમ્યાન એક છોકરો વિજયપાર્ક બાજુથી ચાલતો ચાલતો ઠક્કરનગર આવતો હતો અને તે છોકરો ફોન ઉપર વાત કરતો હોય અને પોતાની પાસે કોઇ કામ ધંધો ન હોય જેથી પોતે વિચાર કરેલ કે આ છોકરા પાસેથી તેનો મોબાઇલ ફોન ઝુંટવીને ભાગી જાવ અને પછી મોબાઇલ વેચી નાખી મકાનનું ભાડુ ભરી દઇશ તેવો વિચાર કરી પોતે તે છોકરો ત્યાથી ચાલતો-ચાલતો ફોન ઉપર વાત-ચીત કરતો કરતો જતો હતો જેથી પોતે તેના પાછળ પાછળ ગયેલ અને ઠક્કરનગર જંમ્બુકા કોમ્પલેક્ષ આગળ આવી તે છોકરાની પાછળથી હાથમાંથી મોબાઇલ ફોન ઝુંટવી દોડીને અંધારામાં નજીક આવેલ ચાલીની અંદર ગલીઓમાં જતો રહેલ અને ત્યારબાદ પોતે રાત ના ઘરે જતો રહેલ જે બાબતે અત્રેના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧૧૫૯૦/ ૨૦૨૧ તા.૦૯/૧૨/૨૦૨૧ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯(એ)૩ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય જે ગુન્હો ડિટેકટ કરી મુદ્દામાલ પંચનામાં વિગતે કબ્જે કરી આરોપીની ક.૧૮/૧૫ વાગે ઉપરોકત ગુન્હાના કામે અટક કરી વધુ તપાસ જારી રાખી સારી કામગીરી કરેલ છે તા.૧૦/૧૨/૨૦૨૧

આરોપીનુ નામ સરનામા:-

વિશાલ સ/ઓ રમેશભાઇ સોનજીભાઇ જાતે પટણી(કચેરીવાળા) ઉ.વ.૨૨ ધંધો મજુરી રહે-શાસ્ત્રીનગરના છાપરા વૈશાલી ફલેટની પાછાળ બાપુનગર અમદાવાદ શહેર હાલ રહે-મહાદેવનગર રબારીવાસ વિરાટનગર ઓઢવ અમદાવાદ શહેર

મુદ્દામાલ:- એક વીવો કંપની નો સ્કાય બ્લ્યુ કલરનો વાય-૨૦ મોડલનો મો.ફોન જેના IMEI NO-૮૬૬૧૪૫ ૦૫૨૯૮૬૩૩૭ તથા ૮૬૬૧૪૫૦૫૨૯૮૬૩૨૯ ના જે મો.ફોન ની કિ.રૂ.૧૩,૯૯૦/-ની મત્તાનો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી એ.આર.અસારી તથા સાથેના સર્વેલન્સના માણસો અ.હેડ.કોન્સ અતુલકુમાર મૂળજીભાઇ બ.નં-૪૦૧૬ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪

આરોપીનો ફોટો



પાસા અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

પ્રોહિબિશન સબંધિત અસામાજીક પ્રવૃત્તિ સાથે સંકળાયેલ પાસા અટકાયતીને જુનાગઢ જીલ્લા જેલ ખાતે મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસા કમિશ્નરશ્રી સેકટર-૨ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ અમદાવાદ શહેર તથા મદદનીશા પોલીસ કમિશ્નરશ્રી કે ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના તથા માર્ગદર્શન આધરે અમદાવાદ શહેર વિસ્તારમાં પ્રોહિબિશનની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા ચુસ્તપણે સુચના આપેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમો વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પો.ઇન્સશ્રી એસ.એ.ગોહિલ નાઓને પો.સ્ટે સ્ટાફના માણસોને સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પો.સ્ટે માં તથા અન્ય પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન સબંધે દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરતા અટકાયતી નજીરખાન ઉર્ફે કાંચો નસીમખાન જાતે-પઠાણ ઉ.વ.૨૦ રહે, મ.નં. એ/૧૩ સુફીયાનપાર્ક ગ્રીનપાર્કની પાસે બાગેકૌશર નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધમાં ગુના દાખલ થયેલ હોય જે અનુસંધાને તેની પ્રોહિબિશન સબંધિત ગુનાહિત અસામાજીક પ્રવૃત્તિ વિરૂદ્ધ પાસા દરખાસ્ત ભરી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ સદરી અટકાયતી વિરૂદ્ધ પાસા અટકાયતી હુકમ ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૭૪૩/૨૦૨૧ તા.૦૯/૧૨/૨૦૨૧ થી પાસા અટકાયતીનો હુકમ કરતા સદર પાસા અટાકયતીને આજરોજ તા :૦૯/૧૨/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગ્યે બજવણી કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે જુનાગઢ જીલ્લા જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવેલ છે.

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઓ :-

એસ..એ.ગોહિલ પોલીસ ઇન્સપેક્ટર નારોલ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

અ.પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા અ.લો.૨. મુકેશભાઇ બાલુભાઇ બ.નં. ૧૨૧૭૧

પાસા અટકાયતીનો ફોટો



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૪૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૨ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૧૪૯ લીટર દેશી દારૂ, ૪૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ ક્વોટર ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૨૪૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૨૨૪૬/૨૦૨૧**

વાસણાઃ હિનાબહેન વા/ઓ મહેશભાઈ ભાટી (ઉ.વ.૨૬) (રહે. ગણેશનગર ભાઠાગામ વાસણા) એ તા.૦૯/૧૨/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છ માસ અગાઉ તથા તા.૨૭/૦૮/૨૦૨૧ના રોજ આરોપી (૧) ઉષાબહેન માનાભાઇ ભાટી (રહે. કેશવાણીનગરનાં છાપરાં ગણેશનગરની બાજુમાં ભાઠાગામ) અને (૨) દેવાભાઇ તુલશીભાઇ પરમાર (રહે. રામદેવનગર ગામ મારવાડી વાસ જોધપુર ટેકરા સેટેલાઈટ રોડ) એ ભેગા મળી હિનાબહેન ભાટી પાસેથી એડવાન્સ ભાડુ આપી હિનાબહેનના સોનાના દાગીના ભાડા પેટે લઇ જઇ વાયદા પ્રમાણે સોનાના દાગીના કિમત રૂપિયા ૩,૭૦,૦૦૦/- પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી સી.આર.રાવળ ચલાવે છે.

અમરાઈવાડીઃ સુરેશકુમાર ધાસીરામ ઓડ (ઉ.વ.૫૦) (રહે. જય મહાલક્ષ્મીનગર ચાર માળીયા અમરાઇવાડી) એ તા.૦૯/૧૨/૨૦૨૧ ના રોજ અમરાઈવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૭/૨૦૨૦ ના રોજ મોબાઈલ નંબર ૮૨૫૦૨૫૬૨૬૬ ના ધારકે સુરેશકુમાર ઓડને ફોન કરી સુરેશભાઈના ડેબીટ કાર્ડ કે.વાય.સી અપડેટ કરી આપવાનુ કહી વિશ્વાસમાં લઇ સુરેશકુમાર ઓડ પાસેથી ડેબીટ કાર્ડનો પીન નંબર મેળવી લઇ સુરેશભાઈ ઓડના ખાતામાંથી કુલ રૂપિયા ૭૦,૦૦૦/- ઓનલાઇન અલગ-અલગ ટ્રાન્જેકશન કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.રોજીયા ચલાવે છે.

ઓઢવઃ નીખિલ પ્રદિપકુમાર જાલાન (ઉ.વ.૨૩)(રહે.શિવદર્શન સોસાયટી સુહાસ ઓરમ ફ્લેટ સામે ઓઢવ) એ તા.૦૯/૧૨/૨૦૨૧ ના ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૬/૨૦૨૧ સાંજના ૬/૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન મોબાઇલ નંબર ૯૧૯૮૯૧૯૫૩૪૯૬ ના ધારકે નીખિલ જાલાનના મોબાઈલમાં "૫૦૦ થી ૫૦૦૦ સુધી રોજના કમાવો" ટેક્ષમેસેજ તેમજ WA.ME/ લીંક અને મોબાઇલ નંબર આપતા નીખિલભાઇએ લીંક ઓપન કરતા વોટસએપ ચેટ ખુલેલ જેમાં "Making 666" નામની લીંક ઓપન કરતા તેમા ચાર લેવલ પુરા કરવાના હતા. જેમા અલગ-અલગ લેવલમાં ટાસ્ક પુરા કરવાના જે પેટે કમિશનના નાણા બે મિનીટમાં "મેકીંગ ૬૬૬" એપમાં દેખાતા ઉપાડી લેવાનુ જણાવતા, નીખિલભાઇએ અલગ-અલગ લેવલના અલગ-અલગ ટાસ્કના કુલ રૂપિયા ૮૭,૩૫૫/- પેટીએમ તેમજ યુપીઆઇ થી સામાવાળાને ટ્રાન્સફર કરેલ હતા. જે તમામ રૂપિયા "Making 666" નામની લીંકમાં ખુલેલ એપમાં ફ્રિજ થઇ જતા, નીખિલભાઇએ સામાવાળાને મેસેજથી રકમ અનફ્રિઝ કરવા કહેતા, સામાવાળાએ "તમામ ટાસ્ક પુરા કરો તો ભરેલ નાણા વિડ્રોલ થશે" તેમ જણાવતા નીખિલભાઇએ ભરેલ નાણા પરત માગતા પરત આપવાની ના પાડી કુલ રૂપિયા ૮૭,૩૫૫/- પરત નહી કરી નીખિલભાઇ સાથે વિશ્વાસ અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

વાડજઃ નેપાલસીંગ કિશોરસીંગ રાઠોડ (ઉ.વ.૨૯) (રહે. નંદનવન એપાર્ટમેન્ટ સાગર એપાર્ટમેન્ટ પાસે નવાવાડજ) એ તા.૦૯/૧૨/૨૦૨૧ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૬/૦૫/૨૦૨૧ ના રોજ નેપાલસીંગ રાઠોડના મિત્રએ ફોન પે થી નેપાલસીંગ રાઠોડના ખાતામાં રૂપિયા ૧૪૦૦/- ટ્રાન્સફર કરેલ હતા પરંતુ તે રૂપિયા નેપાલસીંગ રાઠોડના ખાતામાં જમા નહી થતા નેપાલસીંગ રાઠોડ એ ફોન-પે કસ્ટમર કેર નંબર ૮૬૯૭૭૫૮૪૧૪ મેળવી ફોન કરતા મોબાઈલ નંબર ૮૬૯૭૭૫૮૪૧૪ ના ધારકે જણાવેલ કે તમારા રૂપિયા આવેલ નથી જેના માટે મોબાઈલ ફોનમાં પ્રોસેસ કરવી પડશે તેમ કહી એનીડેસ એપ્લીકેશન ઓપન કરાવી યુ.પી.આઇ.નંબર તેમજ બેન્કની વિગત જાણી લઈ નેપાલસીંગ રાઠોડના બે બેન્કના ખાતાઓ માંથી કુલ રૂપિયા ૭૨,૫૩૨/- ઓનલાઇન ટ્રાન્જેકશન કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.એલ.વડુકર ચલાવે છે.

નિકોલઃ(૧) સુરેશભાઈ રામજીભાઈ પ્રજાપતિ (ઉ.વ.૫૩) (રહે. સરસ્વતી પાર્ક વિભાગ-૨ નારાયણનગર ખોડીયારનગર) એ તા.૦૯/૧૨/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૧/૨૧ ના રોજ અજાણી વ્યક્તિએ સુરેશભાઈ પ્રજાપતિને ફોન કરી આર.બી.એલ. ક્રેડીટ કાર્ડ ડીપાર્ટમેન્ટમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી સુરેશભાઈના ક્રેડીટ કાર્ડમાં રિવર્ડ પોઈન્ટ જમા કરવાનુ જણાવી સુરેશભાઈના મોબાઈલમાં આવેલ ઓટીપી મેળવી લઈ સુરેશભાઈ પ્રજાપતિના ખતામાંથી કુલ રૂપિયા ૧,૨૪,૯૯૮/- ટ્રાન્જેકશન કરી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

નિકોલઃ(૨) અશ્વિનભાઇ રતિલાલ ગોરસીયા (ઉ.વ.૩૦)(રહે.સેફ્રોન હોમ્સ ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ તા.૦૯/૧૨/૨૦૨૧ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અશ્વિનભાઇ ગોરસીયા રાજ કુલીંગ સીસ્ટમ નામથી કુલર બનાવી વેચાણ કરતા હોઈ તા.૦૬/૦૭/૨૦૨૧ કલાક ૧૧/૫૫ વાગ્યાના સુમારે મોબાઇલ નંબર ૯૧૨૭૪૨૬૮૫૮ ના ધારકે અશ્વિનભાઇને ફોન કરી આર્મીમેન હોવાની ઓળખ આપી, કેન્ટોન્મેન્ટની સ્કુલમાં કુલર ખરીદવાનુ જણાવી ૫ કુલર ખરીદ કરવાનો ઓર્ડર આપ્યો હતો. કુલરની ડીલીવરી શાહીબાગ કેન્ટોન્મેન્ટની અંદર કરવાની હોઈ કેન્ટોન્મેન્ટના ગેટની અંદર કુલર લઇને આવવા સારૂ ગેટ પાસ મેળવવો જરૂરી છે તેમજ કુલરના નાણા અશ્વિનભાઇને ઓનલાઇન પેમેન્ટ કરવાનુ જણાવી સુરેશભાઈના મોબાઇલ નંબર ઉપર અલગ-અલગ કુલ ત્રણ યુપીઆઈ આઈડી પર જુદીજુદી રકમ લખી રિક્વેસ્ટ મોકલી હતી તે મુજબ અશ્વિનભાઈએ રિક્વેસ્ટ મુજબ ગુગલ પે ના માધ્યમથી કુલ રૂપિયા ૮૫,૫૫૦/- ટ્રાન્ઝેકશન કર્યું હતુ. ત્યારબાદ કેન્ટોન્મેન્ટમાં તપાસ કરતા કુલર મંગાવેલ હોવાનો ઓર્ડર આપેલ ન હોવાનુ જાણવા મળતા અશ્વિનભાઈએ મોબાઈલ નંબર ઉપર સંપર્ક કરતા અજાણ્યા મોબાઇલ નંબરના ધારકે મોબાઇલ ફોન બંધ કરી અશ્વિનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.ડી.ઝાલા ચલાવે છે.

રામોલઃ પ્રકાશભાઇ ગોવિંદભાઇ જોશી (ઉ.વ.૩૬)(રહે.સિલ્વર સીટી સોસાયટી વસ્ત્રાલ) એ તા.૦૯/૧૨/૨૦૨૧ ના રોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પ્રકાશભાઇના મિત્ર "મહેશભાઇ કુલકર્ણી" હોવાથી તા.૦૪/૦૧/૨૦૨૧ ના રોજ પ્રકાશભાઈના મોબાઈલમાં ફેસબુક એપમાં "મારો દિકરો બીમાર છે, મારે અરજન્ટ પૈસાની જરૂર છે" તેવો મેસેજ આવતા પ્રકાશભાઈએ મેસેજ માં આવેલ ગુગલ પે એકાઉન્ટ નં.૮૮૨૨૧૭૧૫૦૮ મા કુલ રૂપિયા ૨૫,૦૦૦/- ઓનલાઇન મોકલી આપેલ, ત્યારબાદ વધુ પૈસાની માગણી કરતા પ્રકાશભાઈએ તેમના ઓળખીતા વ્યક્તિને આ બાબતે વાત કરતા તેઓએ જણાવેલ કે "મહેશભાઇ કુલકર્ણી" નુ એકાઉન્ટ હેંક કરી અજાણી વ્યક્તિએ મહેશભાઇના નામનુ ડુપ્લીકેટ એકાઉન્ટ બનાવી ગુગલ પે એકાઉન્ટ નં. ૮૮૨૨૧૭૧૫૦૮ ના ધારક "પૈસાની જરૂર હોય" તેવા મેસેજ કરી પૈસાની માંગણી કરે છે. ત્યારે પ્રકાશભાઇ પોતે છેતરાયા હોવાનુ માલુમ પડયુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી સી.આર.રાણા ચલાવે છે.

ઘરફોડઃ **સમાચાર યાદી નં.૨૨૪૭/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ અંકીત બકુલભાઇ દરજી (રહે. સોમેશ્વરપાર્ક વિભાગ-૩ ગુલાબ ટાવર રોડ થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૨/૨૦૨૧ સવારના ૯/૦૦ થી રાતના ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના પાછળના દરવાજા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧૨,૩૭,૪૦૦/- અને રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧૭,૩૭,૪૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જે.રાણા ચલાવે છે.

ઘાટલોડીયાઃ રાજેશ ઓમપ્રકાશ લાલચંદાણી (રહે. સુમેરૂ બંગ્લોઝ સારથી પાર્ટી પ્લોટ પાસે વસ્ત્રાપુર) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૧૨/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૦૯/૧૨/૨૦૨૧ સવારના ૯/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઘાટલોડીયા શાસ્ત્રીનગર સરદાર પટેલ શોપીંગ સેન્ટરમાં આવેલ રાજુ જાપાન નામની મોબાઈલની દુકાન નંબર ૧ તથા ૨ ના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી જુદી-જુદી કંપનીના મોબાઇલ ફોન કુલ નંગ-૧૬૪ કિમત રૂપિયા ૩૬,૦૯,૪૪૫/-, ડી.વી.આર કિમત રૂપિયા ૧૫૦૦/-, જુદી-જુદી કંપનીની પેનડ્રાઈવ, મેમરીકાર્ડ કુલ નંગ-૭૨ કિમત રૂપિયા ૧,૮૦,૦૦૦/-, કારવાન (રેડીયો) નંગ-૫ કિમત રૂપિયા ૧૦,૦૦૦/-, જુદી-જુદી કંપનીના બ્લ્યુટુથ હેડફોન, એરપોર્ડ કુલ નંગ-૮૩ કિમત રૂપિયા ૨,૩૧,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૮,૨૦૦/- મળી કુલ રૂપિયા ૪૧,૦૦,૧૪૫/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વાય.આર.વાઘેલા ચલાવે છે.

<u>ચોરીઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૪૮/૨૦૨૧</u>**

સોલા હાઈકોર્ટઃ દર્શનભાઇ બળવંતભાઇ પટેલ (ઉ.વ.૨૭) (રહે. સુપ્રભાત ફલેટ ગુલાબ ટાવરની બાજુમાં થલતેજ) તા.૦૮/૧૨/૨૦૨૧ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે સત્તાધાર ચાર રસ્તાથી સન એન્ડ સ્ટેપ કલબ બાજુ આવેલ નિકિતા સર્કલ ચાર રસ્તા નજીકથી કાર ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક એકટીવા ઉપર આવેલ પુરૂષ દર્શનભાઈ પટેલ પાસે આવી દર્શનભાઈને વાતોમા વ્યસ્ત રાખ્યા હતા, દરમ્યાન કાળા રંગના મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દર્શનભાઈની નજર ચુકવી દર્શનભાઈની કારમાંથી ખાલી સાઇડની સીટ ઉપર મુકેલ બેગની ચોરી કરી લઈ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- હતા. આ અંગેની ફરીયાદ દર્શનભાઇ પટેલે સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ટી.આર.અકબરી ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૨૨૪૯/૨૦૨૧</u>**

નિકોલઃ શિવમસિંગ પ્રિતમસિંગ રાજપુત (ઉ.વ.૨૧) (રહે. હોળીચકલાવાસ કઠવાડાગામ કઠવાડા તા.દસ્ક્રોઇ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ગૌતમભાઇ હીરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.